सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૩/૦૪/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૩/૦૪/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન<br>૦૧ – ૦૦ – ૧૩ |

**જામનગરના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશ્નરશ્રી સમક્ષ, જામનગર.**

**વ.કો.(નોનફેટલ) કેસ નં.૦૫/૨૦૨૫**

**આંક:૩૫**

**અરજદાર** : યાકુબ ઈશાકભાઈ નાગીયા
ગરીબનગર, પાણાખાણધ,
પંચશીલ મીલ પાસે, જામનગર.

**<u>વિરુદ્ધ</u>**

**સામાવાળા** : (૧) અમૃતધન કન્સ્ટ્રકશન
હાઉસ નં. ૭૪/સી, વિજયનગર,
જનરલ હોસ્પીટલ રોડ,
ભાટીયા ડેલી પાસે,અંજાર, કચ્છ.

(૨) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી.
રાજકોટ–દ્વારકા બાયપાસ,
સમરસ હોસ્પીટલની સામે,જામનગર.

**<u>વિષય</u> : કામદાર વળતર ધારા અન્વયે અક્સ્માત વળતરની રકમ રૂપીયા ૪,૨૬,૫૧૦/– તથા વ્યાજ–પેનલ્ટી ખર્ચ વિ. મળવા અંગે.**

| | |
|---|---|
| અરજદાર તરફે | : વિ. વકીલશ્રી હમીર એચ.દેદા |
| સામાવાળા નં.૧_તરફે | : વિ. વકીલશ્રી કે.એચ.ઠાકર |
| સામાવાળા નં.૨ તરફે | : વિ. વકીલશ્રી એ.એન.શામ |

**–:: <u>હુકમ</u> ::–**

(૧) અત્રેના કેસના અરજદારએ કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ મુજબ તેમની ફરજ દરમિયાન થયેલ ઈજાનું વળતર મેળવવા માટેની અત્રેની અરજી કરેલી છે. અરજદારે તેની અરજીમાં જણાવેલી હકીકતો નીચે મુજબ છે.

**<u>અરજદારની અરજીની હકીકતો:</u>**

(૧.૧) આ કામના અરજદાર સામાવાળા નં.૧ એ સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટર તરીકે કામ કરી માસિક રૂ. ૨૫,૦૦૦/– થી ફરજ બજાવતાં હતા. આમ અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક અને કામદારના સંબંધ હતા. વધુમાં સામાવાળા દ્વારા અમોને નોકરી દરમિયાન ઓળખકાર્ડ આપેલ નથી કે ક્યારેય હાજરી કાર્ડ, વેતન ચિઠ્ઠી વિગેરે આપેલ નથી.

(૧.૨) અરજદારે વધુમાં જણાવેલ છે કે, તા. ૨૭/૦૪/૨૦૨૩ ના રોજ અરજદાર સામાવાળા નં. ૧ ની સુચના મુજબ બપોરે ૧૧:૩૦ વાગ્યે હીટાચી મશીન ચલાવતા જતા ત્યારે હીટાચી મશીન પલ્ટી મારી જતાં હીટાચી મશીનના દરવાજામાં જમણો હાથ આવી જતાં જમણા હાથની છેલ્લી આંગળી ના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ અને અન્ય જગ્યાએ ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ. જેથી અમારા સાથી કામદાર સારવાર અર્થે જી.જી. હોસ્પીટલ જામનગર ખાતે લાવેલા અને અકસ્માત અંગેની જી.જી. હોસ્પીટલ પોલીસ ચોકી જામનગરમાં એમ.એલ.સી થયેલ. આમ, હાલનો અકસ્માત અરજદારની ચાલુ નોકરી/ફરજ દરમિયાન બનેલ છે.

(૧.૩) આ અકસ્માતના કારણે હાથમાં ગંભીર ઈજાના કારણે અને કાયમી પ્રકારની ખોડ રહી જવાથી અમો અરજદાર હવે ભવિષ્યમાં મજુરી કામ

કરવા અસમર્થ થયેલ છીએ અને આ અકસ્માત બાદ અમોએ ૧૦૦ ટકા કમાવવાની શક્તિ ગુમાવેલ છે.

(૧.૪) અરજદારે વધુમાં જણાવેલ છે કે, અરજદારના બનાવ સમયે માસિક રૂ. ૨૫,૦૦૦/– આવક મેળવતાં હતા તે સંજોગોમાં ભવિષ્યમાં કાયદામાં થતાં ફેરફારોના હક્કો અબાધિત રાખી અરજદારની ઉંમર ૩૮ વર્ષની હતી તેમજ માસિક રૂ.૧૫,૦૦૦/– વેતન લેખે ગણતરી કરતા તેના ૬૦ ટકા એટલે કે રૂ.૯૦૦૦/– ધ્યાને લેતા અરજદારની ઉંમર સામેના ફેક્ટર ૧૮૯.૫૬ મુજબ ગણતરી કરતા રૂ. ૪,૨૬,૫૧૦/– સામાવાળા ચુકવવા જવાબદાર થતા હોય, સામાવાળાએ અરજદારને વળતરની કોઈ રકમ ચુકવેલ ન હોય કે કોર્ટમાં જમા કરાવેલ ન હોય, વળતરની રકમના ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા પણ સામાવાળાઓ જવાબદાર થયેલ હોય, આ કામના સામાવાળા વળતરની રકમ રૂ.૪,૨૬,૫૧૦/– સારવાર ખર્ચ તથા પગાર, ૫૦ ટકા પેનલ્ટી તથા અકસ્માત થયાની તારીખથી ૧૨ ટકા વ્યાજ સાથે અને અરજી ખર્ચના રૂ.૧૫,૦૦૦/– ચુકવવા જવાબદાર થયેલ હોવાનુ જણાવી હાલની અરજી કરી તે મુજબ વળતરની માંગણી કરેલ છે.

(૨) આ કામે સામાવાળાઓને નોટીસ બજી જતા સામાવાળા નં.૧ નાએ આંક–૧૬ થી જવાબ રજૂ કરેલ છે.

**<u>સામાવાળા નં.૧ ના જવાબની હકીકતો</u> :**

(૨.૧) આ કામે સામાવાળા નં.૧ તેના જવાબમાં અરજદારની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરી, વધુમાં જણાવે છે કે, અરજદારની અરજી ખરી કાયદેસરની કે શુધ્ધ બુધ્ધી પુર્વકની ન હોય, તમામ હકીકતો ઉપજાવી કાઢેલ હોય, અરજદારે કાયદાનાં ઓઠાં હેઠળ, ખોટી રીતે લાભ મેળવવા આ હાલની અરજી દાખલ કરેલ હોય જે રદ થવાને પાત્ર છે.

(૨.૨) સામાવાળા નં.૧ વધુમાં જણાવે છે કે, અરજદારે ક્યારેય કામદાર તરીકે હતા નહી. તેઓએ ક્યારેય કાયમી પ્રકારની નોકરી કરેલ નથી.

અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકના સંબંધો ક્યારેય હતા નહી. વધુમાં આ કામના અરજદારે જણાવેલ છે કે, હીટાચી મશીનના ઓપરેટર તરીકે કામ કરતા હતા ત્યારે બનાવ બનેલ છે. આ નામનું કોઈ મશીન અમો સામાવાળા નં.૧ ની માલીકીનું નથી. વિશેષમાં જણાવવાનું કે, અમો સામાવાળા નં.૧ તથા ૨ અને અરજદાર વચ્ચે કોઈ માલિક – નોકરના સંબંધ જ ન હતા. અરજદાર, મુકેશ વાઢેર નામની વ્યક્તિના ડ્રાઈવર હતા અને બનાવવાળી જગ્યાએ તેઓની બેદરકારીને કારણે અકસ્માત થયેલ હતો. આથી અમો સામાવાળા નં.૧ ની વળતર ચુકવવા અંગેની કોઈ જવાબદારી થતી નથી. તેથી ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળા નં.૨ નાએ આંક–૧૭ થી જવાબ રજૂ કરેલ છે.

**<u>સામાવાળા નં.૨ ના જવાબની હકીકતો :</u>**હીટાચી મશીન ચલાવતા જતા ત્યારે હીટાચી મશીન પલ્ટી મારી જતાં હીટાચી મશીનના દરવાજામાં જમણો હાથ આવી જતાં જમણા હાથની છેલ્લી આંગળી ના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ અને અન્ય જગ્યાએ ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ.

(૩.૧) આ કામે સામાવાળા નં.૨ નાએ જવાબ રજૂ કરી જણાવેલ છે કે, અરજદારની અરજી ખોટી, કાયદા વિરુધ્ધની, પુરાવા વગરની હોય તેને રદ કરવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર અને માલિકનો સંબંધ પ્રસ્થાપિત થતો ન હોય આ કાયદા હેઠળ અરજદારની અરજી ચાલવા પાત્ર નથી અને કામદાર વળતર કમિશનરને આ કેસ ચલાવવા કોઈ અધિકાર કે સત્તા નથી.હીટાચી મશીન ચલાવતા જતા ત્યારે હીટાચી મશીન પલ્ટી મારી જતાં હીટાચી મશીનના દરવાજામાં જમણો હાથ આવી જતાં જમણા હાથની છેલ્લી આંગળી ના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ અને અન્ય જગ્યાએ ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ. વધુમાં કામદારને અકસ્માતે ઈજા થયેલ હોય તે પુરવાર થતું નથી. જેથી કામદાર વળતર ધારા હેઠળ તેનો કેસ ચાલવા પાત્ર નથી. આ કામના અરજદાર, સામાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા હોવાનું કે અરજદાર તથા સામાવાળા નં.૧ વચ્ચે કામદાર– માલિકના સંબંધો હોવાનું ખરું નથી.

(૩.૨) સામાવાળા નં.૨ વધુમાં જણાવે છે કે, આ કામે અરજદાર કે જેઓ હીટાચી મશીનમાં ફરજ ઉપર હતા ત્યારે અકસ્માતનો બનાવ બનવા પામેલ છે. તે સંજોગોમાં અજાણ્યા હીટાચી મશીનનો વિમો ન હોવાના કારણે અરજદારે બદઈરાદાપુર્વક આ કામના સામાવાળા નં.૧ પાસેથી વળતરની રકમ ખોટી રીતે મેળવવા પક્ષકાર બનાવેલ છે. તેથી ઉપરોક્ત તમામ હકીકતો તથા રજૂઆતોને ધ્યાને લઈ અરજદારની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે અરજદાર તરફે આંક ૧૯ અરજદાર યાકુબ ઈશાકભાઈ નાગીયાના પુરાવાનું સોગંદનામું રજુ કરી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવા</u> ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરનામા પુરસીસ | ૩ |
| ૨ | અરજદારે સામાવાળાને આપેલ વળતરની નોટીસ | ૪/૧ |
| ૩ | રજી.એ.ડી. પાવતીની નકલ | ૪/૨ |
| ૪ | સામાવાળા નં.૧ નું કવર પરત આવેલ તે નકલ | ૪/૩ |
| ૫ | અરજદારના આધાર કાર્ડની નકલ | ૪/૪ |
| ૬ | અરજદારે જી.જી. હોસ્પિટલમાં લીધેલ સારવાર અંગેના પેપર્સની નકલ | ૪/૫ |
| ૭ | અરજદારનો ઈજા દર્શાવતો ફોટો | ૪/૬ |
| ૮ | ડો. રાવ સાહેબના સારવારના પેપર્સો | ૪/૭ |
| ૯ | અરજદારના ડ્રાયવીંગ લાયસન્સની નકલ | ૨૦/૧ |
| ૧૦ | અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ | ૨૧ |

(૫) આ કામે સામાવાળા નંબર ૧ તરફે આંક ૨૩ થી સામાવાળાના સાહેદ કીરણભાઇ ધનજીભાઇ પંચોલીનું પુરાવાનું સોગંદનામું રજુ આંક ૨૬ થી કલોજીંગ પુરશીસ રજુ કરેલ છે.

(૬) આ કામે સામાવાળા નંબર ૨ તરફે આંક ૨૮ થી સામાવાળાના સાહેદ સાગર જોષીનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. ત્યારબાદ સામાવાળા ને પુરતી તક આપવા છતાં પુરાવો રજુ કરેલ ના હોય તેનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ કામે અરજદારના વકીલશ્રીની વિગતવારની દલીલો સાંભળી. જયારે સામાવાળા નંબર ૧ અને ૨ તરફે અનુક્રમે આંક ૩૨ અને ૩૪ થી લેખિત દલીલો રજુ કરેલ છે. જેની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૮) આ કામે આ અદાલતે આંક–૧૮ થી નીચેના મુદ્દાઓ કાઢેલા છે.

**–:: મુદ્દા ::–**

૧. શું અરજદાર યાકુબ ઈશાકભાઈ નગીયા સામાવાળાઓ નં.૧/ સંસ્થાના કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કામદાર હતા ?

૨. શું અરજદારને થયેલી ઈજાઓ સામાવાળા કંપની/સંસ્થાની ફરજ દરમ્યાન અને નોકરીના સમયમાં અકસ્માતના કારણે થયેલ છે ?

૩. શું અરજદાર કાયમી ખોડ સાબીત કરે છે ?

૪. અરજદારની દૈનિક/માસીક આવક શું હતી ?

૫. અકસ્માત વખતે અરજદારની ઉંમર શું હતી ?

૬. શું અરજદાર કાયમી ખોડને હિસાબે વળતરની રકમ મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલી રકમ ?

૭. શુ અરજદાર વ્યાજ અને પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલી રકમ ?

૮. વિમા કંપનીની જવાબદારી શું છે ?

૯. શું આખરી હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય તથા તેનાં કારણો નીચે મુજબ છે.

१. હકારમાં
२. હકારમાં
૩. હકારમાં
४. રૂા.૧૩૫૬૦/–
૫. ૩૭ વર્ષ
૬. હકારમાં, હુકમ મુજબ
૭. હકારમાં, હુકમ મુજબ
૮. રદ કરેલ છે.
૯. આખરી હુકમ મુજબ

**– : : નિર્ણયના કારણો : :–**

**મુદ્દા નં. ૧, ૨ :–**

**શું અરજદાર યાકુબ ઈશાકભાઈ નગીયા સામાવાળા નં.૧ /સંસ્થાના કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કામદાર હતા અને તેઓને થયેલ ઈજાઓ સામાવાળા કંપની/સંસ્થાની ફરજ દરમ્યાન અને નોકરીના સમયમાં અકસ્માતના કારણે થયેલ છે ?**

(૧૦.૧) આ કામે અરજદારે તેની અરજી તથા સોગંદનામામાં જણાવેલ હકીકત મુજબ અરજદાર સામાવાળા નંબર ૧ ના કામદાર તરીકે કામ કરતા હતા. અરજદારની અરજી મુજબ તેઓ સામાવાળા નં.૧ નાઓએ સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટર તરીકે કામગીરી સંભાળેલ હોય તેમા હિટાચી મશીનના ઓપરેટર કામદારની ફરજ બજાવતા હતા. અને તે રીતે અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકનો સંબંધ પ્રસ્થાપિત હોવાની રજુઆત કરેલ છે. જ્યારે સામાવાળા નં.૧ નાએ આંક–૧૬ થી આપેલ જવાબમાં સામાવાળા નં.૧ નાએ સામાવાળા નં.૨નો કોન્ટ્રાકટ લીધેલ હોવાની હકીકત સ્વીકારી જણાવેલ છે કે, સામાવાળા નં.૨ ને હિટાચી મશીનની જરુરિયાત જણાતા તેઓ દ્વારા સ્થાનિકથી કોઈ મુકેશભાઈ વાઢેર નામની વ્યક્તિનો સંપર્ક કરી તેઓની માલીકીનુ હિટાચી મશીન સાઈટ પર મોકલવામા આવેલ હતુ. અને અરજદાર તે હિટાચી મશીનના ડ્રાઈવર તરીકે કામ કરતા હોવાનુ અને આ

અકસ્માત અરજદારની બેદરકારીના કારણે બનેલ હોવાનું જણાવે છે. જેથી અરજદાર સામાવાળા નં.૧ કે ૨ ના સીધા અંકુશ અને તાબા હેઠળના કામદાર જ ન હતા તેવી ભારપૂર્વકની રજુઆત કરેલ છે.

(૧૦.૨) સામાવાળા નં.૨ નાએ આંક-૧૭ થી આપેલ જવાબમાં તેઓ આ બનાવ વિશે કશુ જાણતા ન હોય તેવી તકરાર લીધેલ છે. તેમજ અરજદાર થર્ડ પાર્ટી હિટાચી મશીનના ડ્રાઇવર તરીકે કામ કરતા હોય તેવુ માલુમ પડેલાનું જણાવે છે. તેમજ તેઓની કોઈપણ પ્રકારની જવાબદારી થતી ન હોય તેઓને બિન જરૂરી પક્ષકાર તરીકે જોડેલ હોય, અરજદારની અરજી રદ કરવા જણાવેલ છે.

(૧૦.૩) આ કામે અરજદાર તથા સામાવાળાની ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં સદરહુ બનાવ સામાવાળા નં.૨ના કામ દરમ્યાન બનેલ હોવાનુ બન્ને પક્ષોએ સ્પષ્ટરીતે સ્વીકારેલ છે. સદરહુ બનાવ સમયે સામાવાળા નં.૨ ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટકચર લીમીટેડમા સામાવાળા નં.૧ નાએ કોન્ટ્રાક્ટર રાખેલ હોવાનુ પણ સ્પષ્ટરીતે રેકર્ડ પર આવેલ છે. આ બનાવ સમયે આ કોન્ટ્રાક્ટ પૈકીનુ કામ ચાલતુ હતુ અને તેમા હિટાચી મશીનની જરૂરીયાત જણાતા સ્થાનિકથી કોઇ મુકેશભાઈ વાઢેરની માલિકીનુ હિટાચી મશીન સાઈટ પર આવેલ હોવાનુ અને અરજદાર આ કામે સામાવાળા નં.૧ નો સ્પષ્ટપણે પોતાના જવાબમા જણાવેલ છે. આમ બનાવ સમયે અરજદાર સામાવાળા નં.૧ અને ૨ ના ચાલતા કામમા હીટાચી મશીનના ડ્રાઈવર તરીકે કામ કરતા હોવાનુ સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે. હવે અરજદાર સામાવાળાઓના કામદાર હતા કે કેમ? તે સંબંધે જોવામા આવે તો સામાવાળા નં.૨ તરફે અરજદારની ઉલટ તપાસમા અરજદારને પાણી પુરવઠામા સામાવાળા નં.૧ નું કામ ચાલતુ હોય ત્યાં ડ્રાઈવરની જગ્યા ખાલી હોવાથી ત્યાં જવા કીધેલ અને ત્યારે અમૃતધનના સુપરવાઈઝરે અરજદારને મશીન ચલાવવાનું કીધેલ હોવાનુ સઝેસન પુછવામાં આવેલ છે. આમ, સામાવાળા નં.૨ ની ઉલટ તપાસથી જ અરજદારને સામાવાળા નં.૧ ના સુપરવાઈઝરે હિટાચી મશીન ચલાવવાનુ કામ સોંપેલ હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. સામાવાળા નં.૨ નાએ કોઈ કામ સોંપેલ ન હોવાનુ રેકર્ડ પર આવેલ છે. પરંતુ સામાવાળા નં.૨ સરકારી

સંસ્થા છે તેની પ્રિમાઈસીઝમાં તેઓ દ્વારા કોન્ટ્રાક્ટ મારફતે આ કામ કરવામાં આવતુ હતુ જેથી મુખ્ય માલિક તરીકેની જવાબદારીમાંથી છટકી શકે નહી તેવું આ અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. વધુમાં આ અંગે સામાવાળાઓના સાહેદોની ઉલટતપાસ જોવામા આવે તો સામાવાળા નં.૨ પાણી પુરવઠા બોર્ડનું સરકારી કામ ચાલુ હોય ત્યાં કોઇ પણ થર્ડ પાર્ટીને માણસ આવી પોતાની જાતે કોઇ કામ કરવા લાગે તેવુ માની શકાય તેમ નથી. બીજી રીતે કહીએ તો બનાવ સ્થળે સરકારી કામ ચાલતુ હતુ જે માત્રને માત્ર સામાવાળા નં.૧ નાએ સામાવાળા નં.૨ સાથે કરેલ કરાર મુજબ જ ચાલતુ હોય તેવુ માનવાને કારણ છે. અને આ કામમાં આ બન્ને સામાવાળાઓની સુચના અને દેખરેખ વગર કોઈ ત્રાહિત વ્યક્તિ કામ પર આવી શકે નહી. આથી હિટાચી મશીનના માલિક થર્ડ પાર્ટી મુકેશભાઈ વાઢેર હોય કે સામાવાળા નં.૧ કે ૨ હોય તેનાથી અરજદાર/કામદારને કંઈ લેવા દેવા નથી. કામદાર સામાવાળા નં.૧ ના કોન્ટ્રાક્ટ હેઠળ ચાલતા કામમાં હિટાચી મશીનના ડ્રાઈવર તરીકે કામ કરતા હોવાની હકિકત નિર્વિવાદિત છે. જેથી અન્ય કોઈ વિરુધ્ધના પુરાવા રેકર્ડ પર આવતા ન હોય તે સંજોગોમાં અરજદાર સામાવાળા નં.૧ ના કામદાર હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. આ કામના સામાવાળાઓએ પોતાના જવાબમાં જ આ બનાવ અરજદારની બેદરકારીથી બનેલ હોવાની તકરાર લીધેલ છે. તે ધ્યાને લેતાં અરજદારને થયેલ ઈજા તેઓની ફરજ દરમ્યાને અને ફરજના ભાગ રૂપે થયેલ હોવાનું સામાવાળાઓ દ્વારા જ રેકર્ડ પર લાવવામાં આવેલ છે. જેથી તેમા કોઇ વિશેષ પુરાવાની જરૂર રહેતી નથી. આથી ઉપરોક્ત ચર્ચાના અંતે અરજદાર સામાવાળા નં.૧ કોન્ટ્રાક્ટર અને સામાવાળા નં.૨ મુખ્ય માલિકના કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કામદાર હોવાનું અને અરજદારને થયેલ ઈજાઓ સામાવાળાઓની ફરજ દરમ્યાન નોકરીના સમયમાં થયેલ અકસ્માતને કારણે આ ઈજાઓ થયેલ હોવાનુ સપ્ષ્ટપણે પુરવાર થતુ હોય, મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૩ :– શું અરજદાર કાયમી ખોડ સાબીત કરે છે ?**

(૧૧) આ કામે અરજદારની અરજીની રજૂઆત મુજબ સામાવાળાની

ફરજ દરમ્યાન હીટાચી મશીન ચલાવતા જતા ત્યારે હીટાચી મશીન પલ્ટી મારી જતાં હીટાચી મશીનના દરવાજામાં જમણો હાથ આવી જતાં જમણા હાથની છેલ્લી આંગળી ના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ અને અન્ય જગ્યાએ ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ.

આ કામે અરજદારને કાયમી ખોડ આવેલ છે કે  કેમ તે બાબત રેકર્ડ ઉપરના પુરાવા તથા અરજદારને રૂબરૂમાં જોતા અરજદારના જમણાં હાથની છેલ્લી આંગળીના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ હોય તેવુ સ્પષ્ટ જોઈ શકાય છે. અરજદારે પોતાના આંક ૧૯ ના સોગંદનામામાં તેને થયેલી ઈજાના કારણે ૨૫ ટકા ખોડ રહી ગયેલ હોય અને તે કારણે તેઓ કામ કરી શકે તેવી સ્થિતિમાં ન હોય અને હીટાચી મશીન ઓરપરેટર તરીકેના વ્યવસાય માટે ૧૦૦ ટકા કાયમી ખોડ રહી જવાથી તે હીટાચી મશીન ઓપરેટર તરીકે કામ કરી શકે તેમ ન હોવાનુ જણાવે છે. સામાવાળા તરફે અરજદારની ઉલટતપાસમાં અરજદારને કાયમી ખોડ સંબંધે કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. આ કામે બંને પક્ષકારોની રજુઆતને ઘ્યાને લેતાં અરજદાર ના જમણાં હાથની છેલ્લી આંગળીના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ હોય, તે જોતા અરજદારને  શિડયુલ ઈન્જરી થયેલ છે.

આ કામે અરજદારને અનુસૂચીમાં જણાવ્યા મુજબની ઈજા થયેલ હોવાનું રેકર્ડ પર આવે છે. હવે કાયદા મુજબ અરજદારને થયેલ ઈજાથી તેની કામ કરવાની ક્ષમતામાં કેટલો ઘટાડો થયેલ છે? તે જોવું મહત્વનું છે. આ કામે અરજદાર હીટાચી મશીન ઓપરેટર તરીકે કામ કરતા હોવાનું રેકર્ડ પર છે. અરજદારના જમણાં હાથની છેલ્લી આંગળીના બે વેઢા અને બીજી આંગળીનો એક વેઢો કપાઈ ગયેલ છે. અરજદારને રૂબરૂમાં જોતા તેની આ ઈજા જોઈ શકાય છે. અનુસુચિમાં જણાવ્યા મુજબ આ ઈજાથી અરજદારને ૧૫% કાયમી ખોડ આવેલ હોવાનું ફલીત થાય છે. હવે જો અરજદાર હીટાચી મશીન ઓરપેટર

તરીકે કામ કરતા હોય અને તેમાં બન્ને હાથે કામ કરવાનું હોય તેવા સંજોગોમાં અરજદાર હવે પછી ભવિષ્યમાં અગાઉની જેમ હીટાચી મશીન ઓપરેટર તરીકેનું કામ કરી શકે નહીં તો અરજદારને થયેલ ઈજાથી તેને કમાવાની શકિત ૨૫ ટકા જતી રહી હોય તેવુ માનવાને કારણ છે. આથી અરજદાર હાલ જેવુ કામ કરતા હતા તે કામ ભવિષ્ય માં કરી શકે તેમ ન હોય જેથી અરજદાર ૨૫ ટકા મુજબ વળતર મેળવવા હકકદાર હોવાનું આ અદાલત માને છે. આથી અરજદારે રજુ કરેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવા મુજબ અરજદારની ૨૫% કાયમી ખોડ માની, મુદ્દા નં.૩ નો જવાબ તે રીતે ઠરાવુ છું.

**મુદ્દા નં.૪ :- અરજદારની દૈનિક/માસીક આવક શું હતી ?**

(૧૨) અરજદાર ધ્વારા પોતાની અરજી અને પુરાવાના સોગંદનામામાં અરજદાર માસિક રૂા.૨૫૦૦૦/- કમાતા હોવાનું જણાવેલ છે. સામાવાળાઓ એ પોતાના જવાબમાં અરજદારે તેના પગાર અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ ના હોવાની તકરાર લીધેલ છે. સામાવાળા નં.૨ નાએ પોતાની દલીલમાં અરજદારે આ અંગેનો કોઈ લેખીત આધાર પુરાવો રજૂ કરેલ ન હોય, અરજદારનો માસીક પગાર રૂા.૨૫,૦૦૦/- હોવાનું પુરવાર થતુ ન હોય, તેનો ઈન્કાર કરેલ છે. આ કામે કોઈ પણ પક્ષકારે અરજદારની આવકનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે અરજદાર સામાવાળાઓના કામદાર હોવાની હકીકત રેકર્ડ પર પુરાવાર થયેલ છે. તે સંજોગોમાં અરજદારે પોતાને માસિક રૂા.૨૫૦૦૦/- પગાર મળતો હોવાનો પણ કોઈ પુરાવો રેકર્ડ પર આપેલ ના હોય તો બનાવ સમયના લઘુતમ વેતન મુજબ અરજદારના પગારની રકમ નકકી કરવી જોઈએ. આથી બનાવ ૨૦૨૩ માં બનેલ હોય તે સમયના લઘુતમ વેતન દર રૂા.૪૫૨ લેખે અરજદાર, આ સામાવાળા નં.૧ ના કામદાર તરીકે માસિક રૂા.૧૩,૫૬૦/- મેળવતા હોય તેવુ માની મુદ્દા નં.૪ નો જવાબ તે રીતે હકાર માં ઠરાવુ છું.

**મુદ્દા નં. ૫ :– અકસ્માત વખતે અરજદારની ઉંમર શું હતી ?**

(૧૩) અત્રેના કેસમાં અરજદાર તેમની આંક ૧ ની અરજી તથા પુરાવા માં જણાવે છે કે, બનાવ સમયે અરજદારની ઉંમર ૩૮ વર્ષની હતી. આ અંગે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો અરજદારે આંક ૨૦/૧ થી ડ્રાયવીંગ લાયસન્સની નકલ રજુ કરેલ છે. જેમાં તેની જન્મ તારીખ ૧૫.૦૭.૧૯૮૬ ની દર્શાવેલી છે. આમ બનાવ તા.૨૭.૦૪.૨૦૨૩ ના રોજ અરજદારની ઉંમર ૩૭ વર્ષ ૯ માસ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

**મુદ્દા નં. ૬ :– શું અરજદાર કાયમી ખોડને હીસાબે વળતરની રકમ મેળવવા હકકદાર છે? જો હા, તો કેટલી?**

(૧૪) અરજદાર સામાવાળાઓ પાસેથી કેટલી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે તે બાબતે જોઈએ તો,આ કામના અરજદારની ઉંમર અકસ્માત સમયે ૩૭ વર્ષની હતી. તેમજ તેઓની માસીક આવક રૂા.૧૩૫૬૦ ગણવામાં આવેલ છે. સદરહું ઉમર સામેનો શીડયુલ ૪ માં આપેલ ફેકટર ૧૯૨.૧૪ છે. જેથી અરજદારની મહતમ માસીક આવક રૂા.૧૩૫૬૦/– ગણી તેના ૬૦% રકમ રૂા.૮૧૩૬/– થાય છે જેને લાગુ ફેકટર સાથે ગુણતા રૂપિયા ૧૫,૬૩,૨૫૧/– થાય છે. આ રકમ ૧૦૦% ખોડની છે. આ કામે અરજદારે પોતાની અરજીમાં તેઓ હવે અગાઉ જે કામ કરતા હતા તે કામ તેવી જ રીતે કરી શકતાં ના હોય તેઓને કાયમી આવેલ કાયમી ખોડના કારણે તેઓની કમાવાની શકિત ૧૦૦% ગુમાવેલ હોય તે મુજબ વળતર આપવાની રજુઆત કરેલ છે. આ કામે અગાઉ ચર્ચા કરી તે મુજબ અરજદારની કમાવાની સક્ષમતા થોડી ઓછી થયેલ હોય તેવું કહી શકાય. આમ આ કામના અરજદારને ૨૫% કાયમી ખોડ રહી ગયેલ હોય આ રકમના ૨૫% રકમ રૂા.૩,૦૯,૮૧૩ વળતરની રકમ થાય છે જે રકમ આ કામના અરજદાર સામાવાળાઓ પાસેથી

વળતરની રકમ પેટે મેળવવા હકકદાર થાય છે. જેથી મુદ્દા નંબર ૬ નો જવાબ તે રીતે હકારમાં ઠરાવું છું.

**મુદ્દા નં. ૭ :– શું અરજદાર વ્યાજ અને દંડની રકમ મેળવવા પાત્ર છે? જો હા, તો કેટલી?**

(૧૫.૧) આ કામના અરજદારને થયેલ અકસ્માતના આ બનાવની જાણ સામાવાળાઓને તરત જ થયેલ હતી અને તેઓ અરજદારને સારવાર માટે લઈ ગયેલ હતા તેવી હકીકત ખુદ અરજદાર જણાવે છે. આ કામે સામાવાળાઓએ શરૂઆતથી અરજદારને પોતાનો કામદાર ગણેલ ના હોય સ્વાભાવિક રીતે જ તેઓએ વળતરની કોઈ રકમ અત્રેની કચેરીમાં જમા કરાવેલ ના હોય. હાલનો અકસ્માત તા.૨૭.૦૪.૨૦૨૩ ના રોજ થયેલ છે. કર્મચારી વળતર ધારાની કલમ ૪(એ)(૩–બી) મુજબ એક માસની મર્યાદામાં વળતરની રકમ ચુકવવી જોઈએ. આ કામે ઉપરોકત તારીખોને ઘ્યાને સામાવાળાઓએ ૧ માસમાં વળતરની રકમ જમા કરાવેલ નથી. તેમજ આ માટે થયેલ વિલંબ માટે કોઈ વ્યાજબી કારણ રેકર્ડ પર જણાવેલ નથી. સામાવાળા નંબર ૧ એ અરજદારને કામે રાખેલ અને તેઓની સુચના મુજબ કામ કરતી વખતે અરજદારની ફરજ દરમ્યાન જ આ અકસ્માત થયેલ હોય અને સામાવાળાઓને આ બનાવની સંપૂર્ણ જાણ હોવા છતા તેઓ દ્વારા કાયદાની કલમ– ૪એ(૩–બી) મુજબ ની અકસ્માત તારીખથી ૧ માસમાં વળતરની રકમ ચુકવવામાં આવેલ નથી કે આવી કોઈ રકમ અદાલતમાં જમાં કરાવેલી નથી. કાયદાની જોગવાઈ મુજબ આવી પેનલ્ટી માટે કામે રાખનારની વર્તુણુક ઘ્યાને લેવી ખુબ જ જરૂરી છે. આમ તેઓને જાણ થવા છતા તેઓ દવારા કાયદાની કલમ–૪એ (૩–બી) મુજબની અકસ્માત તારીખથી ૧ માસમાં વળતરની રકમ ચુકવવામાં આવેલ નથી કે આવી કોઈ રકમ અદાલતમાં જમાં કરાવેલી નથી તેવા સંજોગોમાં માલીક તરીકે આ કામના સામાવાળા નં.૧ નાઓ પેનલ્ટીની રકમ ચુકવવા

જવાબદાર થતા હોવાનું માની શકાય તેમ છે. તેમજ સામાવાળા દવારા આવી વળતરની રકમ નિયત સમયમાં નહી ચુકવવા માટે કોઈ કારણ જણાવેલ નથી. આથી કેસના સંજોગો, ગુજરનારની આવક તથા વળતરની રકમ ધ્યાને લેતા કાયદા પ્રમાણે વળતરની ૩૦% રકમ પેનલ્ટી પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતું સરે તેમ હોય આ રીતે મુદાનં.૬ નો નિર્ણય અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૧૫.૨) કર્મચારી વળતર ધારાની કલમ ૪(એ) મુજબ બાકી પડેલી વળતરની રકમ ઉપર ૧૨% સામાન્ય વ્યાજની દર વધારે ના હોય તેટલી રકમ વ્યાજ દરે ચુકવવાની જોગવાઈ છે. આ કામે કેસના સંજોગો ધ્યાને લેતા કાયદા પ્રમાણે બાકી પડેલી વળતરની રકમ ઉપર ૧૨% સાદુ વ્યાજ ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતું સરે તેમ છે. આથી મુદ્દા નંબર ૭ નો જવાબ તે રીતે અંશત:હકારમાં ઠરાવું છું.

**મુદ્દા નં. ૮ :– વીમા કંપનીની જવાબદારી શું છે?**

(૧૬) આ કામે કોઈ વીમા કંપનીને જોડવામાં આવેલ ના હોવાથી આ મુદ્દો અસ્થાને છે આથી આ મુદ્દો રદ કરવામાં આવે છે.

**મુદ્દા નં. ૯ :– શું આખરી હુકમ?**

(૧૭) ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર સામાવાળાઓ પાસેથી રૂા.૩,૦૯,૮૧૩/– વસુલ મેળવવા હકકદાર થયેલ છે તથા સદર રકમ ઉપર અકસ્માતની તારીખથી ખરેખર રકમ ચુકવવામાં આવે તે તારીખ સુધીના ૧૨ % લેખે થતી વ્યાજની રકમ આ કામના બંને સામાવાળાઓએ અરજદારને ચુકવી આપવા જવાબદાર બનેલ છે. આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ સામાવાળા નંબર ૨ પાણી પુરવઠા બોર્ડએ, સામાવાળા નંબર ૧ ને કોન્ટ્રાકટ આપેલ હોવાનું રેકર્ડ પર આવે છે. સામાવાળા નંબર ૨ની દલીલ મુજબ કોન્ટ્રાકટમાં

કામ કરતાં કામદારને કોઈ ઈજા કે જાનહાની થાય તો આ કાયદાની કલમ ૧૨(૧) મુજબ મુખ્ય માલીક તરીકે તેઓએ કામદારને વળતર ચુકવી આપશે અને કોન્ટ્રાકટરે તે રકમ કંપનીને ચુકવી આપવાની કાયદાની જોગવાઈ હોવાની રજુઆત કરેલ છે. આથી આ કાયદાની કલમ ૧૨(૧),(૨) મુજબ મુખ્ય માલીક તરીકે સામાવાળા નંબર ૨ નાએ જો કોઈ વળતર ચુકવે, તો આ રકમ સામાવાળા નં. ૧ કોન્ટ્રાકટર પાસેથી કાયદાકીય રાહે વસુલ મેળવવા હકકદાર રહે છે.

આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર આ કામના સામાવાળાઓ પાસેથી રૂા.૩,૦૯,૮૧૩/– વસુલ મેળવવા હકકદાર થયેલ છે તથા સદર રકમ ઉપર અકસ્માતની તારીખથી ખરેખર રકમ ચુકવવામાં આવે તે તારીખ સુધીના ૧૨ % લેખે થતી વ્યાજની રકમ તથા ૩૦% પેનેલ્ટી/ દંડની રકમ અરજદારને ચુકવી આપવા જવાબદાર બનેલ છે. જેથી ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નંબર ૯ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) આથી અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર યાકુબ ઈશાકભાઈ નાગીયા તેને થયેલ ઈજા બદલ સામાવાળાઓ પાસેથી રૂા.**૩,૦૯,૮૧૩**/–**(અંકે રૂપિયા ત્રણ લાખ નવ હજાર આઠસો તેર પુરા)** વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર થયેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના બંને સામાવાળાઓએ અરજદાર યાકુબ ઈશાકભાઈ નાગીયા ઉપરોકત વળતરની રકમ ઉપર બનાવ તા.૨૭/૦૪/૨૦૨૩ થી વળતરની રકમ ના ચુકવાય ત્યાં સુધી વાર્ષીક ૧૨ % લેખે સાદું વ્યાજ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના બંને સામાવાળાઓએ આ કામના અરજદારને વળતરની રકમ પર ૩૦% જેટલી પેનલ્ટીની રકમ **રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા)** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સામાવાળાઓએ હુકમ મુજબની વિગતે વળતરની રકમ હુકમ તારીખથી દિન - ૬૦ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવી.

(૬) આ કામના અરજદાર તથા સામાવાળાઓએ અરજીનો ખર્ચ જાતે ભોગવવો.

(૭) રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ-૩૨ મુજબ નિયમો અનુસાર ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૬ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૬/૦૪/૨૦૨૬.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
વર્કમેન કમિશ્નરશ્રી,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
જીજે-૦૧૨૯૮